જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા મજુરા, શહેર સુરતના ભેસ્તાનના રેવન્યુ સર્વે નં.૧૭૫ પૈકીથી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનો ટી.પી.સ્કીમ નં. ૪૮ (ભેસ્તાન), મુળ પ્લોટ નં. ૩૧, ૩૦, ફાયનલ પ્લોટ નં.૩૩ તથા ૩૭ ફાળવવામાં આવેલ છે, જે પૈકી ફાયનલ પ્લોટ નં.૩૩ વાળી જમીનમાં "શાંતિનાથ એસ્ટેટ" આવેલ છે, તેમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ/શેડ નં.૩, જેનો સુરત સીટી સર્વે દફતરે વોડ ભેસ્તાનના સીટી સર્વે નં.૨૫૪૫ થી નોંધાયેલી મિલકત, જેનુ ક્ષેત્રફળ સુમારે ૨૧૬.૬૫ ચો.મી. છે, જેમાં કુલ્લે બાંધકામ સુમારે ૬૧૫.૯૫ ચો.મી. (બિલ્ટઅપ ક્ષેત્રફળ ૭૩૬.૧૪ ચો.મી.) છે, તે જમીન અમલા સહિતની મિલકત, જેનો ન્યુનિ. ટેનામેન્ટ નં. ૨૯બી–૦૧–૦૬૧–૦–૦૦૧ તથા ૨૯બી–૦૧–૦૬૧–૦–૦૦૨ છે, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મિલક્ત હાલ ૧.હર્ષદભાઈ રસીકલાલ શાહ, ૨.મંજુલાબેન હર્ષદભાઈ શાહની માલીકીની ચાલી આવેલ છે. મજકુર મિલકત ૧. હર્ષદભાઈ રસીકલાલ શાહ, ૨. મંજુલાબેન હર્ષદભાઈ શાહ એ રજુ. વેચાણ દસ્તાવેજ નંબર: ૩૩૮૫ થી તા. ૧૭/૦૩/૨૦૧૮ના રોજ ખરીદ કરેલી. આમ, મજકૂર મિલકતના માલિક–મુખત્યાર તથા પ્રત્યક્ષ કબજેદાર તરીકે ૧. હર્ષદભાઈ રસીકલાલ શાહ, ૨. મંજુલાબેન હર્ષદભાઈ શાહ આવ્યા આવેલ છે અને તેઓને મજકૂર મિલકતનું વેચાણ કરવાનો સંપૂર્ણ હક્ક–અધિકાર છે, તેવું તેઓ જણાવે છે. ઉપરોક્ત માલિક સિવાય અન્ય કોઈનો પણ મજકૂર મિલકત ઉપર માલિકી હક્ક–અધિકાર કે કબજો ચાલી આવ્યો નથી. તેઓના જણાવ્યા પ્રમાણે ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું માનીને હમારા અસીલ ફાલ્ગુનીબેન બ્રીજેશભાઈ ભોઈ મજકૂર મિલકત વેચાણ રાખવા તૈયાર થયા છે.

મજકૂર મિલકત અંગેના અસલ કાગળો જો કોઈ પાસે હોય અને તેના થકી મજકૂર મિલકત ઉપર કોઈનું કોઈપણ જાતનો હક્ક દાવો હોય તો તેઓએ તથા અન્ય કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંકનો બોજો કે લિયન હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયાનાં દિન–૭ માં હમોને આધાર પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યા સુધીમાં કોઈનો વાંધો કે તકરાર આવશે નહીં, તો હમારા અસીલ મજકૂર મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ ગણી અવેજની પૂરેપૂરી રકમ ચૂકવી પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ હમારા અસીલની ટાઈટલ અંગે કોઈ પણ જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૫-૧૧-૨૦૨૬
ઓફીસ : ૧૩૫, સીવેન સ્કવેર, ન્યુ RTO ની સામે, પાલ, સુરત. મો.: ૯૦૬૯૨ ૩૧૭૨૩

રોહન સોલંકી તથા મૈત્રી શુકલ
એડવોકેટ

મોજે : વેસુ, ટી.પી. સ્કીમ નં. ૧, ફા.પ્લોટ નં. ૧૫૧ જમીન ઉપર બાંધવામાં આવેલ સારથી કોમ્પલેક્ષ ફ્લેટ નં. એ/૨૦૩ બાબતે ખરીદનાર સાવધાન સહ જાહેર ચેતવણી

જી.સુરત, તા. મજુરા, મોજે ગામ : વેસુ ના જુના રે.સ.નં. ૭૫/૨, નવા રે.સ.નં. ૬૦/૨, ટી.પી. સ્કીમ નં. ૧, ફા.પ્લોટ નં. ૧૫૧ ઉપર બાંધવામાં આવેલ **સારથી કોમ્પલેક્ષ બિલ્ડીંગ નં. એ ના બીજા માળે આવેલ ફ્લેટ નં. ૨૦૩** માં મગનભાઈ દયાળભાઈનો વણવહેંચાયેલ અડધો હક્ક, હિસ્સો છે. અમે, ઉર્મિલાબેન નવનીતભાઈ પટેલ અને રાજુલાબેન રમેશભાઈ પટેલ નાંઓ મજકુર મગનભાઈ દયાળભાઈના પુત્રીઓ છીએ. મગનભાઈ દયાળભાઈના ગુજરી ગયા પછી મર્હુમની સદરહુ મિલકત સહીત અન્ય જમીન/મિલકતો બાબતે અમારી માતા તેમજ કુંદનભાઈ મગનભાઈ પટેલ વિગેરે વિરૂધ્ધ અમોએ સુરત સીવીલ કોર્ટમાં **સ્પે.દિ.મુ.નં. ૨/૨૦૨૧** થી દાવો કર્યો છે. સદરહુ દાવાની સુરત/૮/રાંદેર સબ–રજીસ્ટ્રાર કચેરીમાં તારીખ : ૨૯/૦૧/૨૦૨૧ ના રોજ અનુક્રમ નં. ૯૭ થી લીસ પેન્ડેન્સી નોંધાવેલ છે. તદઉપરાંત મર્હુમ મગનભાઈ દયાળભાઈના કથીત વીલ યાને વસીયતનામાં સંદર્ભે મજકુર કુંદનભાઈ મગનભાઈ પટેલ નાંએ કોઈને પણ પક્ષકાર બનાવ્યા વિના સદરહુ મિલકત સહીત અન્ય જમીન/મિલકતો બાબતે **પ્રોબેટ અરજી નં. ૯૪/૨૦૨૦** કરેલ છે. સદરહુ પ્રોબેટ અરજીના કામે હીત ધરાવનાર પક્ષકાર તરીકે અમે જોડાયા છીએ. સદરહુ દાવો અને પ્રોબેટ અરજી સુનાવણી માટે પડતર છે. સબબ, કોઈએ પણ સદરહુ મિલકત અંગે કોઈ પણ પ્રકારે વ્યવહાર અને લખાણો કરતા પહેલા ઉપરોક્ત કાનુની પ્રકરણો સહીતના સરકારી રેકોર્ડનું નિરીક્ષણ, ખરાઈ, તપાસ અને સચ્ચાઈથી માહીતગાર અને વાકેફ થવું હીતાવહ છે અને રહેશે. અન્યથા કાનુની પ્રકરણોમાં સંડોવાવવું પડશે. જાહેર હીતમાં આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

અમારી સુચનાથી

સ્પે.દિ.મુ.નં. ૨/૨૦૨૧ ના વાદી તેમજ પ્રોબેટ અરજી નં. ૯૪/૨૦૨૦ ના પ્રતિવાદી ઉર્મિલાબેન નવનીતભાઈ પટેલ અને રાજુલાબેન રમેશભાઈ પટેલ.

અમારી મારફતે
(Advocates)
Office : 310-311,
Wood Square,
L.P. Savani Road,
Adajan, Surat - 395009.
Nilesh D. Kadam
Vishnu M. Pechiwala
JannatKumar N. Rana
Gautam G. Sandis

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થી જણાવવાનુ કે, સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે **અણીતા** ના બ્લોક નંબર : ૧૬૧/બ,ખાતા નં.૧૦૫ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ : હે.૧–૯૬–૨૭ આરે/ચો.મી. છે કે જેનો આકાર રૂા.૨૪.૯૪ પૈસા વાળી જમીન પૈકી વણવહેચાયેલ હિસ્સાની હે.૧–૧૮–૯૦ આરે/ચો.મી.જમીન **પ્રવિણસિંહ છત્રસિંહની** માલીકીની ચાલી આવેલ હોવાનુ જણાવી અમારા અસીલને બોજા રહિત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો કબજો,સાટાખત,હકક, હિસ્સો, હિતસંબંધ, બેંક મોર્ગેજ કે સરકારી, અર્ધસરકારી સંસ્થાનો કે કોઈપણ સહકારી મંડળીનો કોઈનો કોઈપણ પ્રકારનો બોજો હોય તો તે દિન–૭ માં હમોને લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરશો તો મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો કબજો,સાટાખત,લાગભાગ, હકક, હિસ્સો કે બોજો નથી તેમ માની અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૫.૧૧.૨૦૨૬
ઓફીસ : એચુ/૧૭, દ્વારકેશનગરી, સાયણ, તા. ઓલપાડ, જી. સુરત. મો. ૯૬૮૭૭ ૫૫૮૭૭.

હિરેન પી. ટેલર
તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

એડવોકેટ શ્રી ભરત જે. ભરવાડ એ તા. ૩૧/૧૦/૨૦૨૬ નાં રોજ પ્રસિધ્ધ કરાવેલ "ટાઇટલ કલીયર અંગેની જાહેર નોટીસ" નો જાહેર જવાબ, વાંધો, ખુલાસો તથા વળતી નોટીસ

એડવોકેટ શ્રી ભરત જે. ભરવાડએ પ્રસિધ્ધ કરાવેલ ઉપરોકત ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસમાં જણાવેલ છે કે " સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી (પુણા), સબ ડિ., શહેર સુરતના મોજે ઉમરવાડાના રે.સર્વે નં.૮૦, સીટી સર્વે નં. ૩૫૧૫/અ પૈકી જેનુ સુમારે ક્ષેત્રફળ ૨૬,૩૭૮.૧૮ ચો.મી. છે જેમા સુરત મહાનગરપાલિકા ધ્વારા લાગુ પાડવામાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ઓ.પી.નં.૧૫, ફા.પ્લોટ નં.૩૧ સુમારે ૧૪,૩૭૨ ચોમી. યાને ૧૭,૧૮૮.૭૭ ચો.વાર (સીટી સર્વે ૬૧૧૨.૬૩ મુજબ) છે તે જમીન–મિલકત પૈકી ૮૦૨૨ વેચાણ કરી દીધેલ છે તે બાદ બાકી રહેતી ૬૩૫૦ ચો.મી. જમીન–મિલકતના માલીક નસીમુદ્દીન કમર કાદરીના કુલમુખત્યાર તરીકે મોહંમદ નદીમ નસીમુદ્દીન સૈયદ જણાવેલ મિલકતના માલિકે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણ કરી છે, જેથી જાહેર જનતાને જણાવવાનુ કે, સદરહુ મિલકત બાબતમાં કોઈપણ શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, અધિકાર, લીયન, લેણાં, બોજો કે દર દાવો હોય તો દિવસ–૭ મા દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી, નહીતર મુદ્દત વિતયે મજકુર કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ આવશે નહિ તો અમે સદરહુ મિલકતનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને સદરહુ મિલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે" ઉપરોકત અનુસંધાને જણાવવાનું કે, ખરેખર સદરહુ મિલકત સુરત ડી. સબ ડી.પુણા (સુરત શહેર) મોજે ઉમરવાડાના રે.સર્વે/બ્લોક નં.૮૦, ફાઈનલ પ્લોટ નં.૩૧, ટી.પી.સ્કીમ નં.૮ વાળી જમીન–મિલકત કે જે સીટી સર્વે સુરત–૧ દફતરે નોંધણી થયેલ છે, જેનો સીટી સર્વે નં.૩૫૧૫/અ, શી નં.૨૦૭ વાળી જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની સમગ્ર મિલકત તેના માલીક કબજેદાર નસીમુદ્દીન કમર કાદરી ચાલી આવેલા, તેઓ તથા તેમના પરિવારજનો યાને (૧) નસીમુદ્દીન કમર કાદરી (૨) હુસ્નાબેગમ નસીમુદ્દીન કાદરી, (૩) શબનમ નસીમુદ્દીન કાદરી તથા (૪) મોહમદ નદીમ નસીમુદ્દીન સૈયદ નાંઓએ સદરહુ સમગ્ર મિલકત **અંજરઅલી હૈદરઅલી મલેક** ને તા.૦૧/૧૨/૨૦૨૩ નાં" કબજા સહીતનું વેચાણ સાટાખત" થી રૂા. ૨,૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે કરોડ પચાસ લાખ પુરા) માં વેચાણ આપવા નકકી કરેલ અને તેના વેચાણ અવેજ પેટે રૂા.૪૫,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પિસ્તાળીસ લાખ પચાસ હજાર પુરા) લીધેલા, જે સાટાખત નોટરી પબ્લીક અરવિંદ એલ.પટેલ સમક્ષ નોટરાઈઝડ થયેલ છે, તથા "જનરલ પાવર ઓફ એટર્ની" પણ લખી આપેલ છે અને કબજો સુપ્રત કરેલ છે, આમ મજકુર જમીન–મિલકતનાં માલિકે **અંજરઅલી હૈદરઅલી મલેક** ને વેચાણ આપી દીધેલ છે અને કબજો પણ સુપ્રત કરેલ છે, ફકત વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી છે, પરંતુ મજકુર ખરીદનાર અકાળે અવસાન પામેલા છે અને તેમના વારસદાર તરીકે અમો મર્હુમના પત્નિ તથા બે સગીર બાળકો યાને **(૧) અસ્માબાનુ અંજરઅલી મલેક**, રહે.૨૬૭, ગોરખુદાવાડ, ઓલપાડ, સુરત તથા **(૨) સગીર અશાર અંજરઅલી મલેક, (૩) સગીર મોહમ્મદ અલી અંજર મલેક** નાઓ છીએ. આમ ઉપરોકત આખી જમીન–મિલકતના ખરીદ કરવાના હકકો મર્હુમના વારસદારો તરીકે અમોને ટ્રાન્સફર થાય છે અને સદરહુ મિલકત અમારા કબજા વપરાશમાં છે, સબબ સદરહુ મિલકત ઉપર અમોનો ખરીદનાર તરીકેનો હકક તથા કબજો વપરાશ છે અને ચાલી આવેલ છે જે અમારા મર્હુમ પતિએ કે અમોએ કયારેય અવેજી કે બીન અવેજી જતો કરેલ ન હતો કે નથી કે ઉપરોકત સાટાખત રદ્દ કર્યો ન હતો કે નથી, જે સાટાખત આજની તારીખે પણ અસ્તિત્વમાં છે, સબબ સદરહુ જમીન–મિલકતમાં અમારા ખરીદ કરવાના માલિકી હકકો ઉભા છે જેથી સદરહુ જમીન–મિલકત અન્ય કોઈએ ખરીદ કરવી કરાવવી નહી કે તે અંગેના કોઈ વ્યવહારો, લખાણો કરવા કરાવવા નહી, તથા અમોના નામ સિવાય અન્ય કોઈના નામે ટાઈટલ કલીયર અંગેનું પ્રમાણપત્ર, રીપોર્ટ વિગેરે આપવુ અપાવવું નહી, અનુ તેની સામે અમોને સખ્ત વાંધો છે, તેની જાહેર જનતાએ, સરકારી, અર્ધ સરકારી કચેરીઓએ તથા લાગતા વળગતાંઓએ નોંધ લેવી.

અમારી મારફત, **જાવેદ એ. પરમાર**
અસ્માબાનુ અંજરઅલી મલેક વિ.નાં એડવોકેટ & નોટરી
(તા.૦૫/૧૧/૨૦૨૬)
સરનામું : ૫– અલ–મોહમદી એપાર્ટમેન્ટ, ઈન્દરપુરા બદ્રી રોડ, ઈટવાલા મસ્જિદ પાસે, સુરત. મો. ૯૮૯૮૨૯૯૭૧૬
LEGAL ASSOCIATE
મોહસીન એચ. મલેક
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)

નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન...

નવાપુરા અર્બન કો. ઓ. કેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી.

કોટસફીલ મેઈનરોડ, વાડી ફળીયા પોલીસ ચોકી પાસે, સુરત,ફોન નં.૦૨૬૧–૨૪૩૮૫૮

–:: તેલ / અનાજ ઘિરાણ અંગે ::–

સોસાયટીમાં તેલ/અનાજ ઘિરાણ મેળવવા ઈચ્છતા સભાસદોને તેમની જરૂરિયાત મુજબના અરજીપત્રક સોસાયટીની ઓફિસથી મેળવી તા. ૧૫.૧૨.૨૦૨૬ સુધીમાં ભરીને અચૂક આપી જવા.

ખાસ નોંધ : તા. ૩૧.૦૩.૨૦૨૬ સુધીના સભાસદોને ગીફ્ટ લેવાની બાકી હોય, તે તમામ સભાસદોને તા. ૩૦.૧૧.૨૦૨૬ સુધી ગીફ્ટ આપવામાં આવશે. ત્યારબાદ ગીફ્ટ આપવામાં આવશે નહીં.

નૂતન વર્ષ અભિનંદન

સેક્રેટરી :– શશીકાંત પ્રાણજીવનદાસ દાળીયા
નવાપુરા અર્બન કો.ઓ.કેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લી.

નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન...

જાહેર જનતા જોગ ચેતવણી

આથી અમો મુકેશ બબલદાસ ઝવેરી તથા હેમાબેન મુકેશભાઈ ઝવેરી, રહે: અડાજણ, સુરત ના આથી જાહેર જનતા ને ચેતવણી આપી જાણ કરીએ છે કે અમો નો પુત્ર હાર્દીક મુકેશ ઝવેરી તથા અમોની પુત્રવધુ દિશા હાર્દીક ઝવેરી હાલ રહે:North Harrow, London. છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંત થી અમોના પોત્ર પોત્રી સાથે ફોરેન સ્થાયી થયેલ છે અને છેલ્લા ઘણા સમયથી પુત્ર અને પુત્રવધુ અમોના બિલકુલ કહ્યામાં રહ્યા નથી અને પોતાનુ સ્વચ્છંદ જીવન જીવી રહેલ છે જે અમોને બિલકુલ માન્ય નથી જેથી અમો અમારી સ્થાવર અને જંગમ મિલકતો માં થી તેઓ ને કાંઇ પણ આપવા માંગતા નથી અને પોતાની મિલકત માંથી બેદખલ કરીએ છીએ.અમોની માલીકી ની સ્થાવર અને જંગમ મિલકત બાબત ના વહેવાર કોઇપણ ઇસમો એ મારા પુત્ર અને પુત્રવધુ સાથે કરવા કરાવવા નહીં અને તેમ છતા જો કોઇ વ્યકતિ કોઇપણ પ્રકાર ના વહેવાર તેઓ ની સાથે કરશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે ઇસમની રહેશે. જેની નોંધ લેશો જી. તારીખ:૫/૧૧/૨૦૨૬

સહી/- મુકેશભાઇ તથા હેમાબેન ઝવેરી

મારી મારફત : હેમા એસ. દીક્ષીત - એડવોકેટ
ઓફીસ: ૩૧૯, ત્રીજોમાળ, જોલીપ્લાઝા,અઠવાગેટ, સુરત-૧.

મોજે. કરમલાનાં બ્લોક નં.૨૫૯ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ–ડીસ્ટ્રીકટનાં મોજે ગામ કરમલાનાં સર્વે નં. ૨૧૯/૧ પૈકી, ૨૨૩, ૨૨૩/૩, ૨૨૨ પૈકી, ૨૨૩/૨ પૈકી જેનો બ્લોક નં. ૨૫૯ જેનું કુલ ક્ષેત્રફળ હે–આરે ૦૪–૧૫–૮૨ ચો.મી. જેનો આકાર રૂા. ૪૦.૬૨ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી વણવહેંચાયેલ હિસ્સાની ૩૧૬૦૨.૨૭ ચો.મી જમીન અંગે એડવોકેટશ્રી અજયકુમાર ડી. કાકડીયા નાએ તા. ૦૩/૧૧/૨૦૨૬ નાં રોજનાં ગુજરાતમિત્ર દૈનિક સમાચાર પત્રમાં તેઓનાં અનામી અસીલ તર્ફે વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. જે જાહેર નોટીસ મુળથી ખોટી, નિરર્થક, કાયદા વિરૂધ્ધની અને પાયાવિહોણી છે. હકીકતમાં સદરહુ જમીન પન્નાબેન પરાગભાઇ, દિપકભાઇ મનસુખભાઇ, મનુભાઇ રતનજી, રમેશભાઇ રતનજી, મંજુલાબેન રતનજી, હંસાબેન રણછોડભાઇ, લક્ષ્મીબેન હિતેન્દ્રભાઇની વિધવા, સુમિત્રાબેન ગણપતભાઇ, ભારતીબેન ગણપતભાઇ, ધર્મિષ્ઠાબેન ગણપતભાઇ, ચંદ્રવદન ગણપતભાઇ, ભાવનાબેન ગણપતભાઇ, દમયંતિબેન મનસુખભાઇ, હેતલબેન પ્રિતેશકુમાર દિનેશની વિધવા, ધૃવિકાકુમારી પ્રિતેશકુમાર, અર્પિતકુમાર પ્રિતેશકુમાર, પ્રજ્ઞેશકુમાર હિતેન્દ્રભાઇ, જયશ્રીબેન રાજેન્દ્રભાઇ ચૌહાણ, ભાવિક રાજેન્દ્રભાઇ ચૌહાણ, હાર્દિક રાજેન્દ્રભાઇ ચૌહાણ, દેવીબેન મનસુખભાઇ ચૌહાણની માલિકીની ચાલી આવેલ નથી. સદરહુ જમીન મનુભાઇ મોહનભાઇ ચૌહાણ, શાંતિલાલ મોહનભાઇ ચૌહાણ, પ્રવિણભાઇ મોહનભાઇ ચૌહાણ, બિપીનભાઇ મોહનભાઇ ચૌહાણ, ઇન્દુબેન મોહનભાઇ ચૌહાણ, પાર્વતીબેન મોહનભાઇ ચૌહાણનાં પિતાશ્રી મોહનભાઇ ભાણાભાઇની સ્વ કમાણીનાં નાણામાંથી ખરીદ કરેલ છે. પરંતુ તે સમયે અમોનાં અસીલનાં પિતાશ્રીનું નામ ખેડુત તરીકે ન ચાલી આવેલ હોવાથી ભાણાભાઇ ઉકાભાઇ ચૌહાણનાં નામે દસ્તાવેજ કરેલ હતો. જેનો ગેરલાભ લેવા પન્નાબેન પરાગભાઇ વિગેરેનાં પ્રયત્ન કરી રહેલ છે. અમારા અસીલનાં પિતાશ્રીએ સદરહુ જમીનનો વેચાણ અવેજ ચુકવેલ છે. સદરહુ જમીનમાં પન્નાબેન પરાગભાઇ વિગેરેનાં ઓનો કોઇપણ કાયદેસરનો હક્ક, હિત, હિસ્સો ચાલી આવેલ નથી. જેથી તેઓને વેચાણ કરવાનો કોઇ હક્ક કે અધિકાર નથી. તેમ છતાં પન્નાબેન પરાગભાઇ વિગેરેનાં સદરહુ જમીનની તમામ હકીકતો થી વાકેફ હોવા છતા હમારા અસીલોની કિંમતિ જમીન પચાવી પાડવાનાં બદ–ઇરાદે કાવતરૂ રચી તા. ૦૩/૧૧/૨૦૨૬ નાં રોજની વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. જે હમારા અસીલોની કાયદેસર બંધનકર્તા નથી. સદરહુ જમીનનો કાયદેસરનો શાંત અને પત્યક્ષ કબજો હમારા અસીલોનો ચાલી આવેલ છે. સદરહુ જમીનમાં અમારા અસીલોની પરવાનગી વિના કોઇપણ વ્યકિતએ સદરહુ જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવો નહી. આ મુજબની સ્પષ્ટ હકકીત હોવા છતાં હમારા અસીલોની સદરહુ જમીન અંગે કોઇપણ પ્રકારનાં વેચાણ,ગીરો કે ટ્રાન્સફર અંગેનાં વ્યવહારો કરવામાં આવશે તો તેવા વ્યવહાર કરનારાઓને સદર જમીન અંગે કોઇ રાઇટ, ટાઇટલ, ઇન્ટરેસ્ટ પ્રાપ્ત થશે નહી. સદરહુ જમીન અંગેકોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાએ અમારા અસીલોની સંમતિ, પરવાનગી વિના કોઇપણ પ્રકારનાં લખાણો કે વ્યવહારો કરવા કરાવવા નહી અને જો કોઇ લખાણો કે વ્યવહારો કરશે, કરાવશે યા તો કર્યા હશે તો તેઓને કાયદેસર કોઇ હક્કો પ્રાપ્ત થશે નહી અને તેવા લખાણો કાયદા મુજબ રદબાતલ ગણાશે. અમારા અસીલો જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ મુજબ, સિવિલ રાહે તથા ફોજદારી રાહે કાયદેસર કાર્યવાહી કરવાનો હક્ક અબાધીત રાખી હાલની આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. તા. ૦૫/૧૧/૨૦૨૬

નિલેશ ડી. પટેલ
તે મનુભાઇ મોહનભાઇ ચૌહાણ અને પ્રવિણભાઇ મોહનભાઇ ચૌહાણનાં એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસ: ૧, રાધાસ્વામી એપાર્ટમેન્ટ, સંગીત સરીતા એપાર્ટમેન્ટની બાજુમાં, અજરામર ચોક, ન્યુ રાંદેર રોડ, સુરત.મો.૯૬૬૨૫૩૨૯૫૩

નરેશકુમાર માંગેરામ મિત્તલના "બ્લ્યુ ઓરેન્જ ડેવલપર્સ પ્રા. લી." ના ડિરેકટરપદ પરથી બોગસ, કુટલેખનથી ઉભા કરેલ તા.૩/૧૨/૨૦૧૩ ના કહેવાતા ત્યાગપત્રના આધારે તેમજ સદર કંપની તરફે ડિરેકટર્સને દસ્તાવેજ એકઝીકયુટ કરવાનો ઠરાવ કર્યા વિના તેવી કંપની તરફે મોજે વેસુના રીવીઝન સર્વે નં.૨૪૬ (જુના રે.સ.નં.૪૩૬) વાળી જમીન, ટી.પી. સ્કીમ નં.૬(વેસુ) ના ફા. પ્લોટ નં.૬૧ નો તા.૨૨/૫/૨૦૧૫ ના રોજનો વેચાણ દસ્તાવેજ તથા ત્યારબાદ ''બ્લ્યુ ઓરેન્જ ડેવલપર્સ પ્રા.લી.'' ની કંપની તા.૬/૮/૨૦૧૮ થી રજીસ્ટ્રાર ઓફ કંપનીઝની કચેરીમાં સ્ટ્રાઈકઓફ યાને મૃતપાઈ થયેલ હોવા છતાં તેવી કંપનીના કહેવાતા તા.૩૦/૪/૨૦૧૫ ના રીઝોલ્યુશન દ્વારા બિપીનભાઈ જશમતભાઈ ગોલકીયાએ બિનઅધિકૃત રીતે મોજે ગામઃ વેસુના રીવીઝન સર્વે નં.૨૪૭/૩ પૈકી (જુના રે.સ.નં.૪૬૬), ટી.પી. સ્કીમ નં.૬(વેસુ) ના ફા. પ્લોટ નં.૬૦ વાળી જમીન અંગે તા.૬/૮/૨૦૨૦ ના રોજનો જે વેચાણ દસ્તાવેજ હેપ્પીહોમ કોર્પોરેશનની ભાગીદારી પેઢીની તરફેણમાં એકઝીકયુટ કરેલ છે તે જમીન હેપ્પીહોમ કોર્પોરેશનના કોઈ ટાઈટલો ન હોવા છતાં અને તે અંગેની જાણકારી હોવા અને સ્ટેટસકવોનો ઓડર હોવા છતાં તેમજ મેટર સબ જયુડીસ હોવા છતાં તેઓ કનેથી તા. ૧૯/૦૮/૨૦૨૧ ના વેચાણ દસ્તાવેજથી અવધ પ્રોજેકટ્સ ભાગીદારી પેઢીએ ખરીદ કરી તે ઉપર આવેલ

''અવધ બરટીના'' ના પ્રોજેકટમાં રસ ધરાવનાર ખરીદનારાઓ–રોકાણકારો અને બેંક સહીત નાણાં ધીરનાર સંસ્થાઓ સાવધાન સહ જાહેર ચેતવણી કમ જાહેર નોટીસ

સુરત ડી., મજુરા સબ ડી., મોજે ગામ વેસુના જુના સર્વે નં.૪૩૬, રી.સર્વે નં.૨૪૬, જેનુ ક્ષેત્રફળ ૮૪૦૦.૦૦ ચો.મી., જેનો ટી.પી.સ્કીમ નં.૬(વેસુ), ફા.પ્લોટ નં.૬૧ અન્વયે જેનુ ક્ષેત્રફળ ૬૫૬૪.૦૦ ચો.મી. તથા મોજે ગામ વેસુના જુના સર્વે નં.૪૬૬, રી.સર્વે નં.૨૪૭/૩ પૈકી, ક્ષેત્રફળ ૧૧૯૦૦.૦૦ ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નં.૬(વેસુ), ફા.પ્લોટ નં.૬૦ અન્વયે જેનુ ક્ષેત્રફળ ૮૯૬૦.૦૦ ચો.મી. મળી ગામ નમુના નં.૭/૧૨ મુજબનુ કુલ્લે ક્ષેત્રફળ ૨૦૩૦૦ ચો.મી. તથા ફા.પ્લોટ મુજબ કુલ્લે ક્ષેત્રફળ ૧૫૫૫૪.૦૦ ચો.મી. વાળી નોંધાયેલી બીનખેતીની જમીનો ''બ્લ્યુ ઓરેન્જ ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ'' એક પ્રા.લી. ની માલિકીની ચાલી આવેલ. ત્યારબાદ સદર કંપનીના ડીરેકટર– વિપુલ ઠાકોરભાઈ પટેલ તથા અન્યોએ એકબીજાના મેળાપીપણામા સદરના કંપનીના એક ડીરેકટર– **નરેશકુમાર માંગેરામ મિત્તલ** (મારા અસીલ)ની **કૂટલેખનથી બોગસ, બનાવટી સહી ઉભી કરી–કરાવી** તેના આધારે તા.૩/૧૨/૨૦૧૩ ના રોજનુ બોગસ અને ફોર્જડ ત્યાગપત્ર (રેઝીગ્નેશન લેટર) તૈયાર કરી–કરાવી, તેવા બોગસ અને **ફોર્જડ ત્યાગપત્રનો ઉપયોગ કરી** મારા અસીલ નરેશકુમાર માંગેરામ મિત્તલની જાણ બહાર ખોટા બનાવટી દસ્તાવેજો તૈયાર કરી સદર કંપની અંગે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝની કચેરી, અમદાવાદની કચેરીમાં ઓનલાઈન અરજી કરી–કરાવી સદર કંપનીના રેકર્ડમાંથી ડિરેકટર તરીકે મારા અસીલનુ નામ તા. ૨૧/૧૧/૨૦૧૪ ના રોજ કમી કરેલ હોવાનો દેખાવ કરેલો, જેની જાણ થતા મારા અસીલએ કહેવાતા ત્યાગપત્ર પરની તેમની કહેવાતી સહી અંગે વિજયસિંહ ઝાલા, **ફોરેન્સીક હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ**, અમદાવાદએ ઓપીનીયન પણ આપેલો છે અને તે મુજબ કહેવાતા ત્યાગપત્ર ઉપરની સહી મારા અસીલની ન હોવાનો અભિપ્રાય આપેલ છે. તેમજ સદર કંપનીમાં મારા અસીલ ૧૨.૫% શેરો ધારણ કરતા હતા તે પણ ખોટી રીતે બોગસ **રીતે બની બેઠેલા ડિરેકટર**– હિતેન્દ્ર ઠાકોરભાઈ પટેલના નામે ટ્રાન્સફર કરેલ છે. પરંતુ તેવા ૧૨.૫% અસલ શેરો મારા અસીલના કબજામાં જ છે. મારા અસીલ કંપનીના જે શેરો ધારણ કરતા આવેલા તે હિતેન્દ્ર ઠાકોરભાઈ પટેલએ પોતાના નામે બીનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવા માટે મારા અસીલને કોઈ અવેજ ચુકવેલ હોય તેવુ બનેલ નથી. આમ, કહેવાતુ ટ્રાન્સફર બીનઅવેજી અને દગા – ફટકાથી ઉભુ કરવામાં આવેલ છે. સદર કંપની તરફે તા.૧/૫/૨૦૧૪ ના રોજનો કંપની બહારની ત્રાહિત વ્યકિત બિપીનભાઈ જશમતભાઈ ગોળકીયાની તરફેણનો રેઝોલ્યુશન વિપુલ ઠાકોરભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ ઠાકોરભાઈ, જીતેન્દ્ર ઠાકોરભાઈ પટેલની સહીઓ કુટલેખન કરી કરાવી તેવા કહેવાતા રેઝોલ્યુશનના આધારે સદર કંપની તરફે સદર જમીનો પૈકી સર્વે નં.૨૪૬